



## ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તારમાં દબાણોથી સર્જાતી હાલાકી

ખેડબ્રહ્મા બસસ્ટેશન વિસ્તારમાં આરએન્ડબી દ્વારા હાલમાં જ પુલીયુ પહોળુ કર્યુ હતુ. જેથી હાઈવે પર ટ્રાફીકનું ભારણ ઓછુ થાય પરંતુ રોડ પર પાણીપુરી અને ખાનગી જીપવાળા કાયદેસર રોડ ઉપર આવી જાય છે. જેથી પરિસ્થિતિ જૈસે થૈ ની હાલતમાં છે. હાઈવે પર લાઈનસર ઉભા રહેતા પાણીપુરીની લારી ઉપર સાંજના સમયે ભીડ થાય છે અને હાઈવે પર મોટા ભારે વાહનો દોડતા હોઈ અકસ્માત થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. સ્થાનિક વેપારીઓ દ્વારા પોલીસતંત્રને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે કે પોલીસ દ્વારા પાણીપુરીની લારીઓ અને ખાનગી જીપ ગાડીઓ પાસેથી માસિક હપ્તો લેવામાં આવે છે તેથી તેમની રહેમ નઝર હેઠળ જ આ લોકો દબાણ કરી રહ્યા છે.

# બાયડ પાલિકાના સફાઈ કામદારો અચોક્કસ મુદતની હડતાલ પર

### કાયમી કરવા અને વેતન વધારાની વિવિધ માંગણીઓને લઈને હડતાલ પર

બાયડ, તા.૧૯

બાયડ નગરપાલિકાના યુવા પ્રમુખ વિરૂદ્ધ વરૂણ પટેલ કેટલાક બળવાખોરોએ બળવો કરી અને નગરપાલિકાના પ્રમુખ પદે સત્તારૂઢતો થઈ ગયા પરંતુ જ્યારથી આ બાયડ નગરનો ચાર્જ નવા પ્રમુખે સાંભળ્યો છે ત્યારથી જાણે કે બાયડ નગરપાલિકાનો વિકાસ રૂંધાઈ ગયો હોય તેવું સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે પછી તે બાયડ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હોય કે પછી બાયડ નગરમાં ગટરલાઈનનો પ્રશ્ન હોય હાલ બાયડ નગર પાલિકામાં નવપ્રમુખની આગેવાની હેઠળ લોકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે જેમાં આજે એક વધારો થયો હોય તેમ આજે નગરપાલિકાના સફાઈ કામદારો હડતાલ પાર ઉતરી જતા બાયડ નગરમાં આગામી સમયમાં ગંદકીના ઢગ ખડકાય તો નવાઈની વાત નહીં.

બાયડ નગરપાલિકામાં હાલ ૩૧ જેટલા ભાઈઓ અને બહેનો સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે. પરંતુ આ કર્મચારીઓને હજુ સુધી કાયમી કરવામાં આવ્યા નથી તો બીજી બાજુ આ કર્મચારીઓ જે રીતે કામ કરે છે તે પ્રમાણે વેતન પણ મળતું નથી જ્યારે બીજી બાજુ આ સફાઈ કામદારો દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે નગરપાલિકા દ્વારા હાલ તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે તેમની કોઈ પણ વાત સાંભળવામાં આવતી નથી. જેને લઈને છેવટે તેમને આ હડતાલનું શાસ્ત્ર ઉગામવાની ફરજ પડી હતી અને આજે બાયડ નગરપાલિકા આગળ ૩૧ જેટલા સફાઈ કામદાર ભાઈઓ અને બહેનો અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઊતરી ગયા હતા બીજી બાજુ આ કર્મચારીઓ સવારથી જ નગરપાલિકા આગળ હડતાળ પાર ઉતરી ગયા હોવા છતાં નગરપાલિકાના પ્રમુખ કે ઉપપ્રમુખ દ્વારા કોઈ પણ જાતની દરકાર લેવામાં નથી આવી જયારે આ કર્મચારીઓ દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી નગરપાલિકા દ્વારા અમારી માંગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી અમારી હડતાલ ચાલુ રહેશે.

જો આ કર્મચારીઓની આ હડતાલ આમજ ચાલશે બાયડ નગરમાં ગંદકીના ઢગે ઢગ જોવા મળશે તે નક્કી છે અને ગંદકી ને લીધે બાયડ નગરમાં ચોમાસાની ઋતુમાં રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત સેવાઈ રહી છે ત્યારે આગામી સમય જ બતાવશે કે બાયડ નગરપાલિકાના સફાઈ કામદારોની માંગણીઓ સંતોષાય છે કે નહીં.




## પ્રવાસન નિગમની મંડળીના બે સભ્યો બિનહરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પ્રવાસન નિગમની કર્મચારી ધિરાણ અને ગ્રાહક સરકારી મંડળીના વ્યવસ્થાપક કમિટિમાં ખાલી પડેલી બે જગ્યા ઉપર તા. ૧૧-૭-૨૦૧૭ના રોજ ચૂંટણી યોજાઈ હતી.

જેમાં ૨૦૧૭-૧૮ માટે બે ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં અશોકકુમાર પરમાર અને સતીષકુમાર સોલંકી બિન હરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા તેમ ચૂંટણી અધિકારી હર્ષદ ગાંધીએ જણાવ્યું હતું.

## શ્રી પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૧૯

શ્રી પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવ ગાંધીનગર, સે-૧૪ ખાતે તા. ૧૬ જુલાઈના રોજ સોમભાઈ કે. સુતરિયાના નિવાસસ્થાને યોજાયો હતો. ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત સુંદરસાથની હાજરીમાં શ્રી પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવ શ્રી મેહેર સાગરના ૪૦૦થી વધુ પાઠ સાથે રાસ-રામનો તેમજ ભજન કિર્તન કરી ભોજન પ્રસાદ લઈ મહોત્સવ સંપન્ન થયો હતો.

## તાલુકાના તળાવોમાં વ્યાપક ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ

જિલ્લા જળસ્રાવ એકમ હેઠળ સાબરકાંઠા જિલ્લા હિંમતનગર અંતર્ગત ઈડર તાલુકાના જળસ્રાવ વિકાસ એકમ યોજનામાં ગામના તળાવો ઊંડા કરવામાં વ્યાપક ગેરરીતિઓ થયેલી હોવાની બુમ ગામના સ્થાનિક નાગરીકો દ્વારા જાણવા મળી રહી છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ સરકાર દ્વારા જિલ્લા જળસ્રાવ યોજના મુકવામાં આવી છે. જેનો દુરૂપયોગ વહીવટી તંત્ર તેમજ ગામની જળસ્રાવ સમિતિઓની ભેગી મિલીભગતથી અંદરો અંદર કામ પુરૂ કરી દેવામાં આવેલ છે. કોઈને પણ ખબર પડતી નથી કે કેટલુ કામ છે, ક્યારે ચાલુ થયુ અને ક્યારે પુરૂ થયુ, તળાવોમાંથી માટી ખોદી ખાનગી રાહે વેપાર પણ કરી દેવામાં આવેલો હોય તેવી પ્રાપ્ત માહિતી લોકો દ્વારા પણ જાણવા મળી રહી છે. તળાવના ઊંડાણની માપની અંદર પણ ગેરરીતીઓ કાગળો ઉપર થઈ રહી હોય તેમ જણાય રહ્યુ છે. અંધારામાં દિવો લઈને કામની ચોક્કસ માહિતી મળી રહે તેવા દિવસો વહીવટીતંત્ર દ્વારા જોવા મળી રહ્યા છે. જળસ્રાવ યોજનાના વહીવટી અધિકારીઓ જળસ્રાવ સમિતિના સભ્યોને હાથ ઉપર રાખી તમામ કામ પુરૂ કરી દેવાની તૈયારીઓ રાખે છે. જો સત્વરે જળસ્રાવ યોજનાની પુરી તપાસ થાય તો ઘણી બધી ગેરરીતિઓ બહાર આવી શકે તેમ છે. તેથી ઈડર તાલુકાના સ્થાનિકોની ઉગ્ર માગં કરવામાં આવી છે. સ્થળ ઉપર તંત્ર દ્વારા કામની વિગતનું બોર્ડ દેખાવ પુરતુ છે.

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં મતદાર જાગૃતિ રેલી

ખેડબ્રહ્મા, તા. ૧૯

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા તા. ૧૫-૭-૧૭ના શનિવારના રોજ મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિ. એન.ડી. પટેલ અને કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે રેલીને પ્રસ્થાન કરાવ્યુ હતું. આ રેલીનો ઉદેશ મતદાન વિશે લોકજાગૃતિ ઉભી કરવાનો હતો. આ રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા મતદાન અંગેના સૂત્રોચ્ચાર કરી શહેરના જાહેર માર્ગો પર ફેરવવામાં આવી હતી.

એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓ આ રેલીમાં જોડાયા હતા. ખેડબ્રહ્મા પ્રાંત ઓફીસના ચૂંટણી શાખાના સહયોગ સાથે કોલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. એચ.એસ. સુથાર અને પ્રા. ડૉ. જે.એસ. રાઠવાએ સફળતાપૂર્વક રેલીનું સંચાલન કર્યું હતું.

## ઈડર નવગામ લેઉઆ પાટીદાર સમાજના પ્રમુખપદે વરણી

ભિલોડા, તા. ૧૯

ઈડર નવગામ લેઉઆ પાટીદાર સમાજની મીટીંગ કૃષ્ણનગર પટેલ સમાજવાડીમાં મળી હતી.



જેમાં સમાજના પ્રમુખ પદે પટેલ ગણેશભાઈ રેવાભાઈ (ડુંગરી)ની બિનહરીફ સમાજના આગેવાનોએ પ્રમુખપદે નિમણુંક કરેલ છે. તેઓ સરદાર પટેલ સહકારી શરાફી મંડળીના વા. ચેરમેન અને કેળવણી મંડળના સભ્ય તરીકે સારી એવી સેવાઓ આપી રહ્યા છે.

## ગલોડીયામાં કુવામાં પડી જવાથી મહિલાનુ મોત

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના ગલોડીયા ગામે બુધવારના રોજ હંસાબેન નટવરભાઈ મકવાણા (ઉં.વ. ૩૫) સવારે પાણી ભરવા કુવા પર ગયેલ હતા તેમણે મોટી બરણી કુવામાં નાખી પાણી ખેંચવા જતા પગ લપસી પડતા તેઓ કુવામાં પડી ગયા હતા. જેથી કુવામાં પાણી પી જવાથી ગુંગળાઈને મરણ ગયા હતા. જે અંગે નટવરભાઈ શેનાભાઈ મકવાણાએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

## હથિયારો ગોઠવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સરહદની ખુબ નજીક પોતાના સૈનિકો અને લશ્કરી સાધનો જમા કરવાથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આ વિવાદ લાંબા સમય સુધી ચાલી શકે છે તેવી સ્થિતિમાં નવી દિલ્હીને ચારેબાજુથી ઘેરવાના ઈરાદાથી બેજિંગે આ રણનીતિ અપનાવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છેકે, વેસ્ટર્ન થિયેટર કમાન્ડો ઉત્તરીય તિબેટમાં કુનલુન પહાડી વિસ્તારમાં હથિયારો જમા કરી દીધા છે. ચીની સેનાના વેસ્ટર્ન થિયેટર કમાન્ડ સિનજાંગપ્રાંત અને તિબેટના મામલાની સાથે ભારતની સાથે જોડાયેલા સરહદી વિવાદને પણ સંભાળે છે. ચીન ડોકલામમાં જ્યારે વિવાદને દૂર કરવા માટે નવા નવા પ્રયોગ કરવામાં વ્યસ્ત છે. એકબાજુ ચીની સરકારી મિડિયા દ્વારા ભારતને ચેતવણી આપવામાં આવી રહી છે. બીજી બાજુ ચીન રાજદ્વારી અને લશ્કરી સ્તર ઉપર ભારત ઉપર દબાણ લાવવાના પ્રયાસમાં છે. ડોકલામ વિવાદનો ઉલ્લેખ કરીને ચીન દ્વારા યુદ્ધની ચેતવણી પણ આપવામાં આવી છે. તિબેટમાં ચીની સૈનિકો અભ્યાસ પણ કરી રહ્યા છે.

## મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

એમાં ફડ ફડ પાખ ફફડાવતા ઉડતા જતા ધોળાધફ બગલાની વાત શું કરવી ? સુખેદુઃખે તમે એક સર્કલ પાર કરશો ત્યાં થોડીવારમાં બીજુ સર્કલ આવશે જો તમે ગાંધીનગરના પેલે છેડે રહેતા હશો તો તમારે અભિમન્યુની જેમ આવા સાત કોઠા પાર કરવા પડશે. તમારા આખા દિવસની મઝાં શબ્દશઃ પાણી પાણી થઈ જાય છે. તાત્કાલિક લાલઘુમ ગરમ લાહ્ય ચા પીવી પડે એવી તમારા મગજની નસો તંગ થઈ જાય છે.

પરંતુ કવિઓની વાત નિરાળી છે. એને વરસાદનું ટીપેટીપું અણમોલ મોતી લાગે છે. ધીંગી ધારે વરસાદને વરસતો જોઈને ખેડુતના હૈયામાં કેટલો હરખ થતો હશે એ સમજવા માટે ખેડુતનું હૈયું જોઈએ. કોંટુનનું કાળજું ના ચાલે , માફ કરજો કારકુનનું કાળજુ ના ચાલે. અમરેલીના કવિશ્રી હર્ષદ ચંદારાણાએ મઝાનું વરસાદનું કાવ્ય લખ્યું છે. ચા પી લીધી હોય તો તેને માણો,

ગમ્યું તે ગાઈ લેવાનું વરસતું ટાણું છે વર્ષા,
કે વાદળ નામના કવિએ લખેલું ગાણું છે વર્ષા.
રહો ના બંધ ઘરમાં, નીકળો ખુલ્લી જગા જોઈ,
ઉલળશે નહીં જ, ભીંજાયા વગર, ઉખાણું છે વર્ષા.
બરાબર એક સોનામહોર જેવો એક છાંટો છે,
ખજાનો એનો છલક્યો છે ,વરસતું નાણું છે વર્ષા.
સજી શણગાર નવવધુના, પરણતી પુત્રી ધરતીને, પિતા ઘનશ્યામદાસે દીધું મોંઘું આણું છે વર્ષા.
સવાશ્રી,સાતસો છ્યાસી,વરસતું આભ શુકનિયાળ,
દિવસ ચોવીસ , મહિને સાત, સાલે બાણું છે વર્ષા. .

(આ ગઝલના છેલ્લા શેરમાં કવિએ જે શિફતથી તા-૨૪/૦૭/૧૯૯૨ નો દિવસ ગુંથી લીધો છે.તે વાંચીને વાહ વાહ કહેવાઈ જાય છે. આ દિવસે ચોક્કસ અમરેલીમાં અનરાધાર વરસાદ વરસ્યો હશે. મને યાદ છે ત્યાં સુધી શ્રી અમરસિહ ચૌધરીના સત્તાકાળ દરમ્યાન ગુજરાતે જે ત્રણ વરસ ભારે દુકાળ જોવો પડ્યો હતો તે સમયની આ વાત લાગે છે. તે સમયે રાજકોટને પીવાનું પાણી મોકલવા માટે ટ્રેન જોડવી પડી હતી. ત્રણ ત્રણ વરસ સુધી પાણીના એક એક ટીપા માટે તડપ્યા હોય અને એકાએક પ્રભુની મહેરથી આકાશમાંથી જળની હેલી થાય ત્યારે કવિને તો શું તમને પણ એક એક છાંટો સોનામહોર જેવો લાગે કે નહીં, ફરીવાર છાતી પર હાથ મૂકીને કહી દો યાર! અને છેલ્લી વાત, વરસાદ પડે તો નહાવા આવશો ને?)






## પ્રાંતિજ ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત બાઈક રેલી નીકળી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૨૦૧૭ અંતર્ગત પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં વિવિધ બેનરો પોસ્ટરો સાથે બાઈક રેલી નિકળી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપરથી પ્રાંતિજ- તલોદના પ્રાન્ત અધિકારી એ.આર ચૌધરી દ્વારા મતદાર જનજાગૃતિ નિકળેલ બાઈક રેલીને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું જેમાં બાઈક ઉપર વિવિધ બેનરો પોસ્ટરો સાથે રેલી નિકળી હતી અને મતદારોને પોતાના મતદાર યાદીમાં સુધારા, નામ કમી, નામ નોંધણી, નામ ચકાસણી સહિતના સુધારાઓને લઈને મતદારોમાં જનજાગૃતિ આવે તે હેતુથી વિવિધ પોસ્ટરો, બેનરો સાથે પ્રાંતિજના મુખ્ય માર્ગો ઉપરથી બાઈક રેલી પસાર થઈ હતી અને પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે સમાપન થયું હતું.

## બ્રીડીંગ મળ્યા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને સર્વેલન્સને સઘન બનાવ્યુ છે. શહેરમાં વ્યાપક પ્રમાણમાં મચ્છરોની ઉત્પત્તિ થઈ હોવાની ફરિયાદો લોકમુખે પણ વધવા પામી છે. ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઆઈડીસી વિસ્તારમાં તંત્રએ સર્વેલન્સનો એક રાઉન્ડ પૂર્ણ કરી દીધો છે. હવે જો બીજા રાઉન્ડમાં આ વિસ્તારમાંથી બ્રિડીંગ મળશે તો દંડનીય કાર્યવાહી શરૂ કરવાનો પણ તંત્રએ નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

## આવાસો બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવાનો નિર્ણય લેવાયા બાદ ૨ હજાર જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હજુ પણ સેકટરોમાં સર્વેના અંતે ભયજનક માલુમ પડેલા ભયજનક સરકારી બ્લોક તોડી નાંખવા માટે તબક્કાવાર વિભાગ કક્ષાએથી મંજુરી મેળવી જોખમી મકાનો તોડી નાંખવામાં આવે છે. પરંતુ હાલની સ્થિતિએ પણ શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ પ્રકારના આવાસો તોડી નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે છે. સરકાર દ્વારા પણ જોખમી આવાસોને તોડી નાંખવાનો નિર્ણય લેવાયો છે ત્યારે જુના આવાસો પૈકી આંગળીના વેઢે ગણાંય તેટલા મકાનોનુ પણ માંડ અસ્તિત્વ રહે તેવી સ્થિતિ છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગ દ્વારા સ્માર્ટ સીટીના દરજ્જાને શોભે તેવા નવા કોર્પોરેટ આવાસો બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. સે-૭ માં નવા આવાસો તૈયાર થયા બાદ કર્મચારીઓને કબજો પણ સોંપી દેવાયો છે. જયારે સે-૨૯ અને ૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. શહેરમાં આગામી એક વર્ષમાં ૧૨૮૮ જેટલા નવા આવાસો તૈયાર થઈ જશે. જેમાં આગામી દિવસોમાં સે-૬ માં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. સે-૬ માં હાલ સ્થળ પસંદગી માટે કવાયત હાથ ધરવામાં આવી છે . સે-૬ માં તંત્ર દ્વારા જ અને ચ-૧ કક્ષાના ૭૮ જેટલા ભયજનક આવસો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે નવા આવાસો માટે શોપિંગ વિસ્તારની સામે અગર અન્ય સરકારી ખાલી પ્લોટ પર પસંદગી ઉતારવામાં આવે તેવી શક્યતા છે. જો કે હજુ સ્થળ આખરી થયુ નથી. તંત્ર દ્વારા નવા આવાસોની કાર્યયોજના તૈયાર કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સે-૬ માં બી અને સી કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવામાં આવશે. શહેરમાં આગામી એક વર્ષમાં ૧૨૮૮ જેટલા મકાનો તૈયાર થઈ જશે. જયારે સરકારી આવાસોના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩૫૯ કરોડ જેટલો ખર્ચ થશે.

## દારૂબંધીની જાગૃતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌથી વધુ દારુબંધીની જાગૃતિનાં હોડર્લ્ગસ લગાડવાની ફરજ પડી હોવાનું મનાય રહ્યુ છે. નોંધનીય બાબત છે કે અગાઉ જેમ દારુનો ખુલ્લો વેપાર થતો હતો તેમ હાલનાં તબક્કે ગાંધીનગરમાં વિદેશી દારુનાં સ્ટેન્ડ બંધ છે. પરંતુ એવુ પણ નથી કે દારુ મળતો નથી. બુટલેગરો પોતાના રોજીંદા ગ્રાહકો માટે ગમે ત્યાથી બોટલોનું સેટીંગ તો કરી જ નાંખે છે અને પકડાઈ ન જવાય તે માટે હોમ ડીલીવરી સર્વીસ આપવામાં આવે છે. ડીફેન્સમાં નોકરી કરતા અને લીકર પરમીટ ધરાવતા કેટલાક જવાનો — અધીકારીઓ હાથ ખર્ચી નિકાળવા માટે હવે પોતાના ક્વોટાનો દારુ ડીમાન્ડ મુજબ ઘરે લાવીને ડબલ કિંમતે દારુ રસીયાઓને વેચી રહ્યા છે. નોંધનીય બાબત છે કે શહેર આસપાસનાં પસ્તી-ભંગારનાં ગોડાઉનોમાં પણ વિદેશી દારુ અને બિયરની બોટલોનાં ખડકલા પાટનગરમાં કેવી દારુબંધી છે તેની ચાડી ખાય છે.

## ઉતાવળ થઈ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોને યોગ્ય વળતર આપવા માટે પણ અપીલ કરવામાં આવી છે. વિજળી બિલ અડધુ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. સમગ્ર પ્રદેશમાં અમે પહોંચ્યા છે. બે કરોડ ખેડૂતો અમને ટેકો આપ્યો છે. કોંગ્રેસના કાર્યકરો ગામડાઓમાં પહોંચ્યા છે. ખેડૂતોને પ્રશ્નો કરવામાં આવ્યા છે. કોઈ ખેડૂત ઉપર એક, કોઈ ઉપર બે અને કોઈ ઉપર ૧૦ લાખનું દેવું છે. આ કાગળોને રજૂ કરીને દેવું માફ કરવા માટે મોદી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. રાહુલે દાવો કરતા કહ્યું હતુ કે, પંજાબ અને કર્ણાટકમાં કોંગ્રેસની અમારી સરકાર ખેડૂતોના દેવા માફ કરી ચુકી છે. ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર ઉપર કોંગ્રેસે દબાણ વધાર્યા બાદ દેવું માફ કરવાની ફરજ પડી છે. અમારા નેતાઓ અંગ્રેજોની સામે પણ ઉભા થયા હતા અને તેમને દેશની બહાર કર્યા હતા. અમે લોકો મોદી સમક્ષ એવી રજૂઆત કરી રહ્યા હતા કે જીએસટીને વહેલી તકે અમલી બનાવવાની જરૂર નથી પરંતુ મોદી સરકારે અમારી વાત સાંભળી ન હતી. કોંગ્રેસના નેતાઓને અપીલ કરતા રાહુલે કહ્યું હતુ કે, સરકાર ઉપર તીવ્ર દબાણ લાવવાની જરૂર છે. સરકાર ઉપર દબાણ લાવવાથી ખેડૂતોનું દેવું માફ થશે. આના માટે તેઓ દરેક જિલ્લામાં જવા માટે પણ સંપૂર્ણપણે તૈયાર છે.

## નોંધપાત્ર ઘટાડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. આ રિપોર્ટમાં જુલાઈ ૨૦૧૭ સુધીના આંકડાને સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોએ આ વર્ષે કાશ્મીર ખીણમાં સક્રિય રહેલા ૯૫ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. સુરક્ષા દળોએ કુલ ૨૧૯૯૫ ત્રાસવાદીઓ સામે પગલા લેવામાં આવ્યા છે. મંત્રાલયે દાવો કર્યો છે કે, કાશ્મીર ખીણમાં હિંસાના બનાવોમાં પણ ઘટાડો થયો છે. જો કે, ગયા વર્ષે ઘાયલ થયેલા નાગરિકોની સંખ્યા ૨૦૧૦માં નોંધાયેલી સંખ્યા કરતા આશરે આઠ ગણી વધારે છે. ગૃહમંત્રાલયના આંકડા કહે છે કે, કાશ્મીરમાં અંધાધૂંધીમાં ૪૦૦૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. જમ્મુના નિવાસી રમણ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી રાઈટ ટુ ઈન્ફોર્મેશન અરજીના જવાબમાં ચીફ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસરનું કહેવું છે કે, ૧૯૯૦થી માર્ચ ૨૦૧૭ સુધીના ગાળામાં ૧૩ હજાર સુરક્ષા જવાનો ઘાયલ થયા છે. અધિકારીઓએ માહિતી આપી છે કે, છેલ્લા ૨૭ વર્ષના ગાળામાં કાશ્મીરમાં રક્તપાતમાં ૧૩૯૪૧ નાગરિકોના મોત થયા છે.

આરટીઆઈ અરજીના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૦૧ જમ્મુ કાશ્મીરમાં વર્તમાન ઈતિહાસમાં સૌથી હિંસક વર્ષ રહ્યું છે. આ વર્ષે ૯૯૬ નાગરિકો, ૫૩૬ સુરક્ષા જવાનો અને ૨૦૨૦ ત્રાસવાદીઓ સહિત ૩૫૫૨ લોકોના મોત થઈ ચુક્યા છે. જો કે, વર્ષ ૧૯૯૫ અને ૧૯૯૬ વચ્ચેના ગાળામાં સૌથી વધુ સંખ્યામાં નાગરિકોના મોત થયા છે. આ બંને વર્ષે ક્રમશઃ ૧૩૪૧ અને ૧૦૩૧ નાગરિકોના મોત થયા છે. ૨૦૦૬થી ૨૦૧૨ વચ્ચેના ગાળામાં સ્થિતિ શાંતિપૂર્ણ રહી છે. ૨૦૧૨માં ૧૫ નાગરિકો અને ૧૫ સુરક્ષા જવાનો અને ૭૨ ત્રાસવાદીઓ સહિત ૧૦૨ લોકોના મોત થયા છે. ૬૫ સુરક્ષા જવાનો આ ગાળા દરમિયાન ઘાયલ થયા છે.

## બાવન નાગરિકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાઈ રહી છે. મોડેસ ઓપરેન્ડી ખુબ જ ખતરનાક રહી છે. એજન્ટો જંગી ચાર્જ લેતા હોય છે. બનાવટી પાસપોર્ટ માટે બે લાખ રૂપિયાની આસપાસ લેવામાં આવે છે. એજન્ટો સૌથી પહેલા ક્લાઈન્ટ માટે બનાવટી પાસપોર્ટ બનાવે છે. બે ઈમિગ્રેશન અધિકારીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ ૧૦મી જુનના દિવસે એક રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જ્યારે કોલ ડેટા રેકોર્ડ એકત્રિત કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે, વધુ બે અધિકારીઓ સમગ્ર મામલામાં સંડોવાયેલા છે. હજુ સુધી કુલ ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. કોમલ નામની મહિલા જે ગુજરાતની છે તેને કેનેડાથી સ્વદેશ પરત મોકલી દેવામાં આવ્યા બાદ આ રેકેટનો પર્દાફાશ થયો હતો. વર્ષ ૨૦૧૬થી અનેક લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે.